


# આરસીબીમાં આ વખતે મને અલગ જ ચમક દેખાય છેઃ હેડન

કોલકાતાઃ રૉયલ ચૅલેન્જર્સ બેંગલુરુ (આરસીબી)ની ટીમ ૨૦૦૮થી ૨૦૨૪ સુધીની દરેક આઇપીએલમાં ખૂબ લોકપ્રિય બની છે, વિરાટ કોહલી પહેલેથી આ ટીમને વળગી રહ્યો છે, આ ટૂર્નામેન્ટના ઇતિહાસમાં સૌથી વધુ (૮,૦૬૩) રન તેના નામે છે અને તેણે અનેક વિક્રમો નોંધાવ્યા છે, પરંતુ આરસીબીને હજી સુધી એક પણ વખત ટાઇટલ જીતવા નથી મળ્યું. જોકે ઑસ્ટ્રેલિયાના મહાન ઓપનર મૅથ્યૂ હેડનનો એવો મત છે કે 'આ વખતે મને આરસીબીમાં અલગ જ ચમક-દમક દેખાઈ રહી છે. મને આ વખતની સ્ક્વૉડમાં સમથિંગ સ્પેશિયલ જોવા મળી રહ્યું છે. ખાસ કરીને સ્પિન-ઑલરાઉન્ડર કૃણાલ પંડ્યાને મેળવીને આરસીબીએ સમજદારીનું કામ કર્યું છે.'

શનિવારે ૧૮મી આઇપીએલનો પ્રથમ મુકાબલો કોલકાતાના ઈડન ગાર્ડન્સમાં થયો હતો જેમાં નવા સુકાની રજત પાટીદારની કૅપ્ટન્સીમાં આરસીબીએ ડિફેન્ડિંગ ચૅમ્પિયન કોલકાતા નાઇટ રાઇડર્સ (કેકેઆર)ને બાવીસ બૉલ બાકી રાખીને સાત વિકેટના માર્જિનથી હરાવીને વિજયી શ્રીગણેશ કર્યા હતા. લેફ્ટ-આર્મ સ્પિનર કૃણાલ પંડ્યાએ ૨૯ રનમાં ત્રણ વિકેટ લીધી હતી અને તેને મૅન ઑફ ધ મૅચનો પુરસ્કાર આપવામાં આવ્યો હતો. કૃણાલે કૅપ્ટન અજિંક્ય રહાણે (૫૬ રન), વેન્કટેશ ઐયર (ચાર રન) અને રિન્કુ સિંહ (૧૨ રન)ની વિકેટ લીધી હતી. આરસીબીના જૉશ હૅઝલવૂડે બાવીસ રનમાં બે વિકેટ લીધી હતી.

હેડને કેકેઆર સામે ૧,૦૦૦ રન પૂરા કરનાર વિરાટ કોહલીના ભરપેટ વખાણ કર્યા હતા. ■


વિરાટ કોહલી

# આશુતોષની આતશબાજીએ દિલ્હીને જિતાડ્યું

**આજે કઈ મૅચ?**
ગુજરાત ટાઇટન્સ વિરુદ્ધ પંજાબ કિંગ્સ
અમદાવાદ, સાંજે ૭.૩૦ વાગ્યાથી

વિશાખાપટનમઃ દિલ્હી કૅપિટલ્સે ગઈ કાલે અહીં લખનઊ સુપર જાયન્ટ્સને ભારે રસાકસીભર્યા મુકાબલામાં છેલ્લી ઓવરમાં એક વિકેટે હરાવીને યાદગાર વિજય મેળવ્યો હતો. લખનઊ માટે આ મૅચ વન-સાઇડેડ બની શકે એવી હતી, પરંતુ દિલ્હીના મિડલ-ઑર્ડરના અને પૂંછડિયા બૅટર્સે હારને જીતમાં ફેરવી નાખી હતી. આશુતોષ શર્મા (૬૬ અણનમ, ૩૧ બૉલ, પાંચ સિક્સર, પાંચ ફોર) આ મૅચનો સુપરસ્ટાર હતો.

ભલભલા ક્રિકેટપ્રેમીના શ્વાસ થંભાવી દે એવા આ મુકાબલાની અંતિમ પળોમાં અનેક પ્રેક્ષકો પોતાની પસંદગીની જીત માટે ઈશ્વરને પ્રાર્થના કરતા જોવા મળ્યા હતા. અક્ષર પટેલ (૨૨ રન)ના નેતૃત્વમાં દિલ્હીએ ૨૧૦ રનનો લક્ષ્યાંક ૧૯.૩ ઓવરમાં ૨૧૧/૯ના સ્કોર સાથે (ત્રણ બૉલ બાકી રાખીને) હાંસલ કરી લીધો હતો. ડુ પ્લેસીએ ૨૯, ટ્રિસ્ટેને ૩૪ રન તથા વિપરાજ નિગમે આક્રમક ૩૯ રન બનાવ્યા હતા. લખનઊ વતી શાર્દુલ, સિદ્ધાર્થ, દિગ્વેશ અને બિશ્નોઈએ બે-બે વિકેટ લીધી હતી.

એ પહેલાં, પંતના સુકાનમાં લખનઊએ બૅટિંગ મળ્યા બાદ આઠ વિકેટે ૨૦૯ રન બનાવ્યા હતા. મિચલ માર્શ (૭૨ રન, ૩૬ બૉલ, છ સિક્સર, છ ફોર) અને નિકોલસ પૂરન (૭૫ રન, ૩૦ બૉલ, સાત સિક્સર, છ ફોર) આ ઇનિંગ્સના બે સુપરસ્ટાર હતા. તેમની વચ્ચે બીજી વિકેટ માટે ૮૯ રનની ભાગીદારી થઈ હતી. ડેવિડ મિલર (૨૭ રન, ૧૯ બૉલ, બે સિક્સર, એક ફોર) ટૂંકી ઇનિંગ્સ રમવા મળ્યા બાદ અણનમ રહ્યો હતો. દિલ્હીના કૅપ્ટન અક્ષર પટેલે પોતાના સહિત કુલ સાત બોલરને અજમાવ્યા હતા જેમાં મિચલ સ્ટાર્કને સૌથી વધુ ત્રણ, કુલદીપ યાદવને બે વિકેટ મળી હતી. ■

# ચેન્નઈની ત્રણ વિકેટ લેનાર મુંબઈના સ્પિનર વિજ્ઞેશ પુથુરના પિતા ઑટોરિક્ષા ડ્રાઇવર છે

ચેન્નઈઃ ટી-૨૦ ફૉર્મેટમાં અને એમાં પણ આઇપીએલ ટી-૨૦ની મોટાભાગની મૅચોમાં બૅટર્સનું વર્ચસ્વ હોય છે, પરંતુ ક્યારેક બોલર પણ ભલભલા બૅટરની બાજી બગાડી નાખતા હોય છે અને એમાં હવે તો 'મિસ્ટ્રી સ્પિનર'નો ટ્રેન્ડ ચાલે છે. ડિફેન્ડિંગ ચૅમ્પિયન કોલકત્તા નાઈટ રાઈડર્સ (કેકેઆર) પાસે વરુણ ચક્રવર્તીના રૂપમાં 'મિસ્ટ્રી સ્પિનર' છે તો પાંચ વખત ટાઈટલ જીતી ચૂકેલી મુંબઇ ઇન્ડિયન્સ (એમઆઇ) પાસે પણ હવે એક એવો રહસ્યમય સ્પિનર (વિજ્ઞેશ પુથુર) આવી ગયો છે.

વિજ્ઞેશ પુથુરના પિતા સુનીલ કુમાર ઑટોરિક્ષા ડ્રાઇવર છે અને તેના મમ્મી બિન્દુ ગૃહિણી છે.

વિજ્ઞેશ પુથુરે રવિવારે ચેન્નઈમાં ચેન્નઇ સુપરકિંગ્સ (સીએસકે) સામેની મૅચમાં ત્રણ વિકેટ લીધી હતી. જોકે એમઆઈની બૅટિંગ ફ્લૉપ રહી હોવાથી એણે આ મૅચમાં પરાજય જોવો પડ્યો હતો. મુંબઈએ નવ વિકેટે ૧૫૫ રન બનાવ્યા બાદ ચેન્નઈએ પાંચ બૉલ બાકી રાખીને ૧૫૮/૬ના સ્કોર સાથે વિજય મેળવ્યો હતો.

૨૪ વર્ષના વિજ્ઞેશ પુથુરે ચેન્નઈના કેપ્ટન ઋતુરાજ ગાયકવાડ (૫૩ રન), શિવમ દુબે (નવ રન) અને દીપક હૂડા (ત્રણ રન)ની મહત્ત્વની વિકેટ લીધી હતી. પુથુરને રોહિત શર્માના સ્થાને ઇમ્પૅક્ટ પ્લેયર તરીકે ઇલેવનમાં સમાવવામાં આવ્યો હતો અને તેણે ૩૨ રનમાં ત્રણ વિકેટ લઈને મૅચમાં સારી ઇમ્પૅક્ટ (અસર) પાડી હતી.

વિજ્ઞેશ પુથુર કેરળનો છેઅને સિનિયર ક્રિકેટમાં તેના રાજ્ય વતી સિનિયર ક્રિકેટ હજી રમ્યો જ નથી. પુથુર ભારતના જાણીતા રિસ્ટ-સ્પિનર કુલદીપ યાદવ જેવો છેજે નિર્ભય થઈને ભલભલા હરીફ બૅટરને પોતાના કાંડાની કરામતથી જાળમાં ફસાવી શકે છે.

આ યુવાન સ્પિનર કેરળના મલ્લપુરમનો છે અને કેરળ ટી-૨૦ લીગમાં ઍલેપ્પી રિપલ્સ નામની ટીમ વતી સાધારણ રમ્યો એમ છતાં એમઆઈના સિલેક્ટર્સે તેને સ્કવોડમાં સમાવી લીધો છે.

એમઆઈના સિલેક્ટર્સને પુથુરના લેફ્ટ-આર્મ સ્પિન ખૂબ ગમી ગયા એટલે તેને ટ્રાયલ માટે બોલાવ્યો હતો અને ૩૦ લાખ રૂપિયાની મૂળ કિંમતે તેને મેળવી લીધો હતો.

સાઉથ આફ્રિકાની ટી-૨૦ લીગમાં મુંબઈ ઇન્ડિયન્સની ટીમના બૅટર્સ માટે તેને નેટ બોલર તરીકે કેપ ટાઉન બોલાવવામાં આવ્યો હતો. ડાબા હાથે ફ્લાઈટેડ બૉલ ફેંકીને બૅટરને લાલચ આપવામાં પુથુર માહિર છે.

વિજ્ઞેશ પુથુર નાનપણમાં માત્ર પેસ બોલિંગ કરતો હતો, પરંતુ મોહમ્મદ શેરીફ નામના એક સ્થાનિક ક્રિકેટરે તેને તેના લેગ સ્પિનથી પ્રભાવિત થઈને સ્પિનર બનવાની તેને સલાહ આપી હતી. એ નિર્ણયે પુથુરની કારકિર્દીમાં મોટો વળાંક લાવી દીધો હતો. તે મલ્લપુરમથી થ્રિશુર આવ્યો હતો જ્યાં તે કેરળ કૉલેજ ટી-૨૦ પ્રીમિયર લીગમાં છવાઈ ગયો હતો. પછીથી તે તામિલનાડુ પ્રીમિયર લીગમાં પણ સારું રમ્યો હતો. ■





ધોનીએ સ્પિનર વિજ્ઞેશ પુથુરના ખભે હાથ મૂકીને તેની સાથે જે થોડી વાતચીત કરી એ પુથુર માટે અવિસ્મરણીય કહેવાય

## મેં સપનામાં પણ વિચાર્યું નહોતું કે હું મહાન ખેલાડીઓ સાથે રમીશઃ પુથુર

૨૪ વર્ષના લેફ્ટ-આર્મ સ્પિનર વિજ્ઞેશ પુથુરે રવિવારે મુંબઈ સામે ચેન્નઈના વિજય સાથે પૂરી થયેલી મૅચ પછી કહ્યું હતું કે 'મેં સપનામાં પણ વિચાર્યું નહોતું કે હું આવા મહાન ખેલાડીઓની સાથે અને સામે રમીશ.'

પુથુર ૧૦૦ ટકા સાક્ષરતા ધરાવતા કેરળ રાજ્યનો છે. તે કાલિકટ યુનિવર્સિટીમાં પીટીએમ સરકારી કૉલેજમાં અંગ્રેજી સાહિત્યમાં એમ.એ.નું ભણી રહ્યો છે.

તેના પિતા સુનીલ કુમારે પીટીઆઇને જણાવ્યું હતું કે 'મારા દીકરાને આ વખતની આઇપીએલની પહેલી જ મૅચમાં રમવા મળશે એવી અમને કોઈ જ ધારણા નહોતી. અમે બધા ખૂબ ખુશ છીએ, કારણકે પહેલી વાત એ છે કે વિજ્ઞેશને આઇપીએલનો કૉન્ટ્રૅક્ટ મળશે એવી કોઈ જ ધારણા અમે નહોતી રાખી. હવે જ્યારે તે આઇપીએલમાં શરૂઆતથી જ રમવા લાગ્યો એટલે અમને અનેક લોકોના ફોન-કૉલ આવ્યા જેમાં તેઓ અમને હાર્દિક અભિનંદન આપી રહ્યા છે. અમે આશા રાખીએ છીએ કે તે દરેકની અપેક્ષા મુજબ રમશે.'

વિજ્ઞેશના મમ્મીએ પીટીઆઇને કહ્યું, 'અમારો દીકરો બેહદ ખુશ છે. તેનામાં આટલી ખુશી અમે અગાઉ ક્યારેય નહોતી જોઈ. તેને આઇપીએલની પહેલી જ મૅચથી રમવા મળ્યું એનો અમને બેહદ આનંદ છે. અમે મૅચનો એકેએક બૉલ જોયો. અમે એટલા બધા ભાવવિભોર થઈ ગયા હતા કે મૅચ પછી અમે રાત્રે ઊંઘી જ નહોતા શક્યા.' ■

# શ્રેયા ઘોષાલ અને દિશા પટનીએ ઓપનિંગ સેરેમનીના પર્ફોર્મન્સ માટે લાખો રૂપિયામાં ફી લીધી

કોલકાતાઃ શનિવારે અહીં ઈડન ગાર્ડન્સના મેદાન પર ૧૮મી આઇપીએલની કેકેઆર-આરસીબી વચ્ચેની રોમાંચક મૅચ રમાઈ એ પહેલાં સાંજે ૬.૦૦ વાગ્યાથી શાનદાર ઓપનિંગ સેરેમની યોજાઈ હતી જેમાં શાહરુખ ખાનની ઍન્કરશિપ વચ્ચે જાણીતી પ્લેબૅક સિંગર શ્રેયા ઘોષાલ, અભિનેત્રી તથા ડાન્સર દિશા પટની તેમ જ પંજાબી સિંગર અને રૅપર કરણ ઔજલાએ સ્ટેજ પર પર્ફોર્મ કર્યું હતું અને હજારો પ્રેક્ષકોને તેમ જ કરોડો ટીવી-દર્શકોને મંત્રમુગ્ધ કર્યા હતા.

શ્રેયાએ તમામ ૧૦ ફ્રેન્ચાઇઝી માટે સ્પેશિયલ સૉન્ગ પર્ફોર્મ કર્યું હતું. દિશા પટનીએ પણ લોકપ્રિય ગીતોની ધૂન પર ડાન્સ સ્ટેપ્સથી સૌને મોહિત કર્યા હતા. દિશાના સ્ટેજ પર્ફોર્મન્સના પ્રસારણને અધવચ્ચેથી ટૂંકાવી નાખવામાં આવતાં અસંખ્ય દર્શકો બ્રૉડકાસ્ટર્સ પર ખફા હતા એ વાત અલગ છે, પણ અહીં આપણે જાણીશું કે શ્રેયા ઘોષાલ અને દિશા પટની સામાન્ય રીતે આવી ઇવેન્ટ માટે કેટલી ફી ચાર્જ કરતી હોય છે.

અફવા તો એવી છે કે શ્રેયા ઘોષાલ આઇપીએલ જેવી એક ઇવેન્ટના એક કરોડથી પાંચ કરોડ રૂપિયાની ફી લે છે. જોકે અન્ય એક રિપોર્ટ અનુસાર શ્રેયાએ શનિવારની ઇવેન્ટ માટે લગભગ ૫૦ લાખ રૂપિયાની ફી લીધી હતી. દિશા પટની વિશે પણ કહેવાય છે કે તેણે પણ ૫૦ લાખ રૂપિયા જેટલી ફી લીધી હતી.

પંજાબી સિંગર કરણ ઔજલાએ પણ આટલા રૂપિયાની આસપાસની ફી લીધી હોવાનું કહેવાય છે, પણ એક અહેવાલમાં જણાવાયું છે કે તેણે કૉન્સર્ટ માટે તાજેતરમાં આખા ભારતનો પ્રવાસ કર્યો હતો જેમાં તે કુલ મળીને ૧૬ કરોડ રૂપિયા જેટલું કમાયો હતો.

ઉલ્લેખનીય છે કે દિશા પટનીએ 'એમએસ ધોનીઃ ધ અનટૉલ્ડ સ્ટોરી' ફિલ્મમાં માહીની ભૂતપૂર્વ ગર્લફ્રેન્ડ પ્રિયંકા ઝાની ભૂમિકા ભજવી હતી. ■





# ઘાટકોપર જૉલી જિમખાનાની ઈન્ટર-ક્લબ ટી-૨૦ ટૂર્નામેન્ટમાં બૉમ્બે જિમખાનાની ટીમ ફરી ચૅમ્પિયન

મુંબઈઃ દેશમાં દાયકાઓથી ધર્મની જેમ પૂજાતી ક્રિકેટની વિવિધ પ્રકારની ટૂર્નામેન્ટોનું ઘણાં વર્ષોથી ઘાટકોપર જૉલી જિમખાનામાં સફળ આયોજન કરવામાં આવે છે અને તાજેતરમાં જ આ જિમખાનાની સબ કમિટી દ્વારા નૉકઆઉટ ધોરણે ઇન્ટર-ક્લબ ટી-૨૦ ટૂર્નામેન્ટની ૧૩મી સીઝનનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં બૉમ્બે જિમખાનાની ટીમ સતત બીજી વાર ચૅમ્પિયન બની હતી. ફાઇનલમાં આ ક્લબની ટીમનો ઘાટકોપર જૉલી જિમખાના 'એ' ટીમ સામે ચાર વિકેટે વિજય થયો હતો.

ઘાટકોપર જૉલી જિમખાનાએ પ્રથમ બૅટિંગ કરતા સાત વિકેટે ૧૫૯ રન બનાવ્યા હતા જેમાં ઓમકાર પાટણકરના ૬૨ રન સામેલ હતા. બૉમ્બે જિમખાના વતી માધવ કોટકે ૩૦ રનમાં ત્રણ વિકેટ લીધી હતી. બૉમ્બે જિમખાનાની ટીમે મયૂર બોરાડેના ૭૨ રનની મદદથી ૧૮.૪ ઓવરમાં છ વિકેટે બનાવેલા ૧૬૦ રનના સ્કોર સાથે વિજય મેળવી લીધો હતો.

મયૂર બોરાડે (૧૨૧ રન)ને બેસ્ટ બૅટર ઑફ ધ ટૂર્નામેન્ટ, અંશુ યાદવ (આઠ વિકેટ)ને બેસ્ટ બોલર ઑફ ધ ટૂર્નામેન્ટ તથા સુજય સંઘવી (આઠ વિકેટ, ૧૮ રન)ને પ્લેયર ઑફ ધ ટૂર્નામેન્ટના પુરસ્કારથી નવાજવામાં આવ્યા હતા.

ઘાટકોપર જૉલી જિમખાના દ્વારા વિવિધ ટૂર્નામેન્ટોનું આયોજન ચેરમેન રજનીકાંત શાહ, મેનેજિંગ ટ્રસ્ટી મનોજ અજમેરા, સેક્રેટરી મુકેશ બદાણી તથા પરેશ શાહ, ટ્રસ્ટીઓ તથા મેનેજિંગ કમિટીના મેમ્બર્સના આશીર્વાદથી તેમ જ નિશીથ ગોળવાલા, મથુરાદાસ ભાનુશાલી, નીતિન ઉપાધ્યાય અને ક્રિકેટ સબ કમિટીના નેજા હેઠળ સફળતાપૂર્વક કરવામાં આવે છે.

ઇન્ટર ક્લબ ટી-૨૦ ટૂર્નામેન્ટમાં આ ક્લબની ટીમોએ ભાગ લીધો હતોઃ (૧) બોમ્બે જિમખાના (૨) ક્રિકેટ ક્લબ ઓફ ઈન્ડિયા (૩) ચેમ્બુર જિમખાના (૪) ગરવારે ક્લબ હાઉસ (૫-૬) ઘાટકોપર જૉલી જિમખાના 'એ' અને 'બી' (૭) માટુંગા જિમખાના તથા (૮) પી. જે. હિન્દુ જિમખાના. ■


રવિવારે ચૅમ્પિયન અને રનર-અપ ટીમ સાથે નિશીથ ગોળવાલા, મથુરાદાસ ભાનુશાલી, પ્રશાંત કારિયા, નલીન મહેતા, નીતિન ઉપાધ્યાય તેમ જ ક્રિકેટ સબ કમિટીના મેમ્બર્સ.

# એમઆઇનો 'મિસ્ટ્રી સ્પિનર' રાશિદ ખાન અને મલિન્ગા સાથે પ્રૅક્ટિસ કરીને ઘડાયો

**▶ રોહિત, તિલક, સૂર્યાને વિજ્ઞેશ પુથુર સામે રમવામાં મુશ્કેલી પડી એટલે એમઆઇની ઇલેવનમાં આવી ગયો!**

વિજ્ઞેશ પુથુરના નાનપણના કોચ વિજયન મુંબઈના ખ્યાતનામ કોચ વાસુ પરાંજપે સાથે કામ કરી ચૂક્યા છે. વિજયને પીટીઆઇને જણાવ્યું હતું કે 'સ્પિન બોલિંગની બાબતમાં વિજ્ઞેશ પુથુર ખૂબ શિસ્તબદ્ધ છે. લેફ્ટ-આર્મ સ્પિન શીખવા માટે અને એમાં સુધારો લાવવા માટે તેણે વર્ષોથી ખૂબ મહેનત કરી છે.'

મુંબઈ ઇન્ડિયન્સ (એમઆઇ)ના બોલિંગ-કોચ પારસ મ્હામ્બ્રેએ પુથુરમાં તેમની ટીમે ક્ષમતા અને કાબેલિયતને કેવી રીતે ઓળખ્યા એ વિશે પીટીઆઇએ જ્યારે પૂછ્યું ત્યારે તેમણે કહ્યું કે 'પુથુરને નવેમ્બરમાં ખેલાડીઓની હરાજી પહેલાં એમઆઇની સિલેક્શન ટ્રાયલમાં આવવા કહેવામાં આવ્યું હતું અને પછી એમાં તેનો પર્ફોર્મન્સ જોઈને અમે તેને ૩૦ લાખ રૂપિયામાં મેળવી લીધો હતો. ત્યાર બાદ અમે તેને સાઉથ આફ્રિકા મોકલ્યો હતો જ્યાં તેણે એમઆઇ કેપ ટાઉન ટીમ માટે નેટ બોલર તરીકેની ભૂમિકા ભજવી હતી. એમઆઇ કેપ ટાઉન ટીમે ત્યારે સાઉથ આફ્રિકાની એસએ૨૦ નામની ટૂર્નામેન્ટ જીતી લીધી હતી.'

અફઘાનિસ્તાનનો વર્લ્ડ ક્લાસ સ્પિનર રાશિદ ખાન એમઆઇ કેપ ટાઉનનો કૅપ્ટન હતો અને લસિથ મલિન્ગા બોલિંગ-કોચ હતો. વિજ્ઞેશ પુથુરે સાઉથ આફ્રિકામાં રાશિદ ખાન અને મલિન્ગા સાથે ખૂબ પ્રૅક્ટિસ કરી હતી અને ઘણી સારી ટિપ્સ પણ મેળવી હતી.

પારસ મ્હામ્બ્રેએ પીટીઆઇને એવું પણ કહ્યું હતું કે 'પ્રૅક્ટિસમાં રોહિત શર્મા, તિલક વર્મા તેમ જ સૂર્યકુમાર યાદવને વિજ્ઞેશ પુથુરના સ્પિન સામે રમવામાં થોડી તકલીફ થઈ હતી એ જોઈને અમને થયું કે પુથુરને પહેલી મૅચમાં રમાડવો જ જોઈએ એટલે અમે તેને રવિવારે સીએસકે સામે ઇમ્પૅક્ટ પ્લેયર તરીકે રમાડ્યો હતો. પુથુર સ્પિન કરવામાં એકદમ સચોટ છે. પિચ પર જે જગ્યાએ બૉલની ટપ પાડવાનું તે નક્કી કરે બરાબર એ જ જગ્યાએ ટપ પાડે છે.' ■

# હું ઍરલાઇનના સ્ટાફને ડિનર પર બોલાવીને રાહ જોવડાવીશઃ હર્ષા ભોગલે

નવી દિલ્હીઃ ક્રિકેટ કૉમેન્ટેટર હર્ષા ભોગલેએ વિમાનની મુસાફરી શરૂ થવામાં વિલંબ સહન કરવો પડ્યો કદાચ એના જ આક્રોશમાં ઇન્ડિગો ઍરલાઇન્સ વિશે ટકોર કરી છે. એક અહેવાલ મુજબ ભોગલેએ એક પોસ્ટમાં જણાવ્યું છે કે 'ઍરલાઇન માટે મુસાફરો છેલ્લે હોય અને એનો અભિગમ અસભ્ય છે.'

ભોગલેએ ટોણો મારતા એવું પણ જણાવ્યું કે 'એક દિવસ હું ઍરલાઇનના સ્ટાફને મારા ઘરે ડિનર પર બોલાવીશ અને ડિનરનું ટેબલ તૈયાર થાય તેમ જ ભોજનની વાનગીઓ તૈયાર થાય ત્યાં સુધી તેમને દરવાજાની બહાર રાહ જોતા ઊભા રહેવાનું કહીશ. હંમેશાં ઇન્ડિગો સૌથી પહેલાં, મુસાફરો છેલ્લે.'

હર્ષા ભોગલેએ આ ટિપ્પણી કરી એને પગલે એક પોસ્ટમાં ઍરલાઇને 'થોડી વાર માટે' માફી માગી હતી. ઍરલાઇને દાવો કર્યો હતો કે 'વિમાન ઉડાડવા પાછળનો વિલંબ ફ્લાઇટમાં પ્રવાસીઓ ચઢી રહ્યા હતા ત્યારે વ્હીલચૅરના વપરાશકારોને પ્રાથમિકતા આપવાને કારણે થયો હતો.'

ઍરલાઇને એવું પણ જણાવ્યું છે કે 'રન-વે પર વિમાનોની અવરજવર પર પણ નિર્ભર કરવામાં આવતું હોય છે.'

ઉલ્લેખનીય છે કે શનિવારે ઑસ્ટ્રેલિયન ક્રિકેટર ડેવિડ વૉર્નરે બેંગલૂરુ ઍરપોર્ટ પર કથિત રીતે પાઇલટ વિનાના વિમાનમાં મુસાફરોને બેસવા દીધા એ બદલ ઍર ઇન્ડિયાની ટીકા કરી હતી.

જોકે ઍરલાઇને જવાબમાં જણાવ્યું હતું કે 'બેંગલૂરુમાં હવામાન ખૂબ પડકારરૂપ અને પરેશાન કરી મૂકનારું હોવાથી વિમાનોના ઉડ્ડયન મોડા થયા હતા. ઘણી ફ્લાઇટો અન્યત્ર વાળવામાં આવી હતી. આ સમસ્યાને લીધે તમારા વિમાનના ચાલક અને તેમની ટીમના સભ્યો અગાઉના અસાઇનમેન્ટમાં અટકી ગયા હોવાથી તમારા વિમાન માટે પહોંચવામાં તેમને મોડું થયું હતું. પ્રવાસ માટે અમારી ઍરલાઇનને પસંદ કરવા બદલ તમારો આભાર માનીએ છીએ.' ■

# બૉડી-બિલ્ડિંગમાં રિન્કુ દાસ વિજયી



ગુવાહાટીમાં રવિવારે મિસ્ટર સરિયાઘાટ નામની બૉડી-બિલ્ડિંગ સ્પર્ધા જીતનાર રિન્કુ દાસ (વચ્ચે) તેમ જ બે રનર-અપ સ્પર્ધકો. આસામમાં તેમ જ આસપાસના રાજ્યોમાં શરીર સૌષ્ઠવની સ્પર્ધા લોકપ્રિય છે. સરિયાઘાટ બ્રહ્મપુત્રા નદીને કાંઠે વસેલું નગર છે. આ ઐતિહાસિક નગરમાં ૧૬૭૧ની સાલમાં અહોમ રાજાશાહીના સૈન્ય તથા મોગલો વચ્ચે લડાઈ થઈ હતી. (પીટીઆઇ)